بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.30-09-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

આજથી મજલિસ અન્સારૂલ્લાહ યુ.કે. અને લજના ઇમાઉલ્લાહનો ઇજતમો શરૂ થઇ રહ્યો છે. આપણા ઇજતમાઓની અસલ રૂહ તો આ છે કે અલ્લાહ તઆલાથી તાલુક અને પરસ્પર પ્રેમ તથા ભાઇચારામાં આગળ વધીએ. ઇલ્મી પ્રોગ્રામ અને મુકાબલાઓ આ રૂહ સાથે થવા જોઇએ કે આપણે તે વાતોથી કંઇક સીખીને પોતાના જીવનનો ભાગ બનાવવો છે. અમુક ખેલ કૂદના પણ પ્રોગ્રામો હોય છે તો તેના માટે હકુકુલ્લાહ અને હકુકુલ ઇબાદની અદાએગી માટે સેહતમંદ શરીર પણ જરૂરી છે નહીતર ન તો અન્સારૂલ્લાહની ખેલ કૂદની ઉમર છે અને ન બાવીસ તેવીસ વર્ષની ઉમર પછી ખરેખર સ્ત્રીઓ ખેલ કૂદમાં કોઇ વધારે સોખ રાખે છે. ખેલ કૂદના મુકાબલાઓનો અસલ ધ્યેય આ પણ હોય છે કે પોતાની શારીરિક સેહત તરફ પણ ધ્યાન રહે અને માત્ર મુકાબલાઓમાં ભાગ લેનાર જ નહી બલ્કે બીજા પણ ઓછામાં ઓછું ફરવું અથવા હલકી ફુલકી કસરતથી પોતાનું શરીર તંદુરસ્ત રાખે. આમ, આ ઇજતમાઓનો હેતુ આ છે કે આપણે પોતાની દીની અને ઇલ્મી ખાસિયતને ઉજાગર કરવા તરફ ધ્યાન દોરાય.

અન્સારૂલ્લાહની ઉમર તો એક એવી ઉમર છે જેમાં ઇન્સાનની વિચાર ધારા સંપૂર્ણ હોય છે અને સ્વયં તેમને પોતાની જવાબદારીઓનો અહેસાસ હોવો જોઇએ. પ્રત્યેક વ્યકિત જે અન્સારૂલ્લાહનો મેમ્બર છે ઇસ્લામની મજબુતી અને અહેમદિયત પર સાચા દિલથી કાયમ રહેવાની કોશિશ કરે અને આ વાત ખુદા તઆલાથી તાલુક વગર નથી થઇ શકતી. તેના માટે પ્રત્યેક અહેમદીએ કોશિશ કરવી જોઇએ અને અન્સારૂલ્લાહના ધોરણો સૌથી ઊચા હોવા જોઇએ. અલ્લાહ તઆલાથી તાલુક તે સમય સુધી સંપૂર્ણ નથી થઇ શકતા જ્યાં સુધી આંહઝરત સ.અ.વ. સાથે તાલુક ન હોય જેના માટે અલ્લાહ તઆલાએ સ્વયં આપણને હુકમ આપ્યો છે કે આંહઝરત સ.અ.વ. ઉપર દુરૂદ અને સલામ મોકલો આ તરફ ધ્યાન આપો. માટે આ ખુબ જરૂરી વસ્તું છે. પછી હઝરત મસિહ મૌઉદ અ.સ.ની બૈઅતમાં આવવાનો હક અદા કરવો છે. આ યુગમાં અલ્લાહ તઆલાએ ઇસ્લામના પ્રચાર માટે હઝરત મસિહ મૌઉદ અ.સ.ને મોકલ્યા છે અને અહેમદિયત પર સાચ દિલથી કાયમ હોવું ત્યારે જ સાબિત થશે જ્યારે આપણે ઇસ્લામના પ્રચાર પ્રસારમાં ભરપુર ભાગ લેતા પોતાને અન્સારૂલ્લાહ સાબિત કરીશું. આમ, એક તો આ જીમ્મેદારી છે.

પછી આપએ એક પ્રતિજ્ઞા આ પણ કરી છે કે ખિલાફતે અહેમદિયાથી વફાદારીનો તાલુક અને તેની સુરક્ષા માટે કોશિશ કરીશું. આ કોશિશ કેવી રીતે થશે. આ કોશિશ ત્યારે જ થશે જ્યારે અન્સાર ખિલાફતના કામો અને પ્રોગ્રામોને આગળ ધપાવવા માટે તેના મદદગાર બનશે અને આ ત્યારે જ થઇ શકે છે જ્યારે અન્સાર પોતાને ખલીફા એ વકતની વાતોને સાંભળવા તરફ ધ્યાન આપશે અને તેના માટે અલ્લાહ તઆલાએ આપણને આ યુગમાં એમ.ટી.એ.ની નેઅમત પણ આપી છે. માટે અન્સારૂલ્લાહએ પોતાને તેની સાથે જોડવાની જરૂર છે તેવી જ રીતે પોતાની સંતાનને પણ. આ પણ પ્રતિજ્ઞા કરી છે કે સંતાનને પણ ખિલાફત સાથે જોડીશું તો સંતાનોને પણ આ દ્વારા ખિલાફત સાથે જોડી દો જેથી પેઢી દર પેઢી આ વફાઓનો સિલસિલો ચાલતો રહે અને કાયમ રહે જેથી ઇસ્લામની સેવા તથા ઇસ્લામના પ્રચાર પ્રસારનું કામ હંમેશા જારી રહે કેમકે ઇસ્લામના પ્રચાર પ્રસારનું કામ હઝરત મસિહ મૌઉદ અ.સ. પછી આપના જ એલાન પ્રમાણે કુદરતે સાનીયઃ દ્વારા થવું હતું જે નિઝામે ખિલાફત છે. માટે તેના લીધે પ્રત્યેક કુરબાનીના પ્રણ ઉપર નઝર રાખો આ પ્રણ આપે કર્યો છે તો તેના પર નઝર રાખો. અલ્લાહ તઆલા સૌને આની તૌફીક આપે.

તેવી જ રીતે જેવું કે મેં કહ્યું કે લજના ઇમાઉલ્લાહનો ઇજતમો થઇ રહ્યો છે. લજના ઇમાઉલ્લાહનો પણ એક અહેદ છે જેને તેમણે હંમેશા સામે રાખવું જોઇએ. અલ્લાહ તઆલાના ફઝલથી લજના ઇમાઉલ્લાહની અધિકતર સંખ્યા માશા અલ્લાહ દીન પર વફા સાથે કાયમ છે. વિશ્વાસ પ્રમાણે અધિકતર મજબુત છે પરંતુ પ્રત્યેક અહેમદી સ્ત્રીએ પોતાની અમલી હાલતોને પણ આ ધોરણે લાવવું પડશે જે અલ્લાહ તઆલા અને તેના રસૂલનો હુકમ છે. જેવું કે મેં કહ્યું કે લજના ઇમાઉલ્લાહનો પણ એક અહેદ છે કે અમે આપણા મઝહબની ખાતર પ્રત્યેક કુરબાની માટે તૈયાર રહીશું તો પ્રથમ કુરબાની જે મઝહબ માંગે છે તે એ છે કે પોતાની તમામ દુન્યવી ખ્વાહીશોને પાછળ મુકીને પોતાની અમલી હાલતને મઝહબની તાલીમ પ્રમાણે ઢાળે. એક અહેમદી સ્ત્રીમાં સચ્ચાઇના ઉચ્ચ ધોરણો હોવા જોઇએ. પછી સ્ત્રીના સંબંધમાં જે આદેશો છે તેના પર અમલ કરવાની કોશિશ છે. સ્ત્રીને પોતાની પવિત્રતા અને આબરૂની રક્ષા માટે અલ્લાહ તઆલાએ જે વાતો બતાવી છે તેમાં પરદાને ખુબ મહત્વ આપ્યું છે. જો તેમાં કોઇ અહેમદી સ્ત્રીમાં કમજોરી છે તો તે કાર્યપ્રણાલીમાં પોતાના અહેદને પૂર્ણ નથી કરી રહી. માટે ન સમાજનો ડર અને ન દુન્યવી ખ્વાહેશો એક અહેમદીને મઝહબની તાલીમથી દુર કરનાર બને બલ્કે પ્રત્યેક અહેમદી સ્ત્રીને પોતાની અમલી હાલતને અલ્લાહ તઆલાની આપેલ તાલીમ પ્રમાણે ગુજારનાર હોવી જોઇએ.

પછી એક અહેદ સચ્ચાઇ પર કાયમ રહેવાનો અહેદ છે તેમાં પ્રત્યેકે પોતાના ધોરણો જોવાની જરૂર છે કે શું આપણે સચ્ચાઇની વાસ્તવિક રૂહ સાથે તેના ઉપર કાયમ છીએ કે નહી. તેવી જ રીતે સંતાનના પ્રશિક્ષણનો અહેદ છે તેને પણ પુરો કરવાની ભરપુર કોશિશ હોવી જોઇએ ખિલાફત સાથે સંતાનને જોડવી તેના માટે કોશિશ કરવી જે રીતે પિતાનું કામ છે તેવી જ રીતે માતાનું પણ કામ છે. માટે આ મહત્વ પૂર્ણ જીમ્મેદારીને પ્રત્યેક માંએ સમજવું જોઇએ. અલ્લાહ તઆલા તેમને પણ તૌફીક આપે.

તેવી જ રીતે નાસરાતુલ અહેમદિયાનો ઇજતમો પણ લજના સાથે થઇ રહ્યો છે નાસરાત પણ અહેદ કરે છે તેમણે પણ અહેદ નિભાવવો જોઇએ. ચૌદ પંદર વર્ષની ઉમર પણ બુરૂ ભલુ સમજની ઉમર હોય છે અને આ ઉમરમાં જ ઘણી બધી ખ્વાહેશો પણ હોય છે જો દુનિયા તરફ નઝર હોય તો દુન્યવી ખ્વાહેશો દીન ઉપર હાવી થઇ જાય છે માટે પ્રત્યેક અહેમદી કન્યાઓને ખુબ સાવધાન રહેવાની જરૂર છે અને પોતાના અહેદને વારંવાર દોહરાવાની જરૂર છે જેથી પ્રત્યેક અહેમદી કન્યા ફુઝુલ દુન્યવી ખ્વાહેશો પાછળ ચાલવા કરતા ઉચ્ચ મકસદને હાસેલ કરવાની કોશિશ કરનાર બને અને તે ઉચ્ચ મકસદો નાસરાતના અહેદમાં બયાન થયા છે.

ઇજતમાના હવાલાથી આ સંક્ષિપ્ત વાત પછી હવે હું એક પ્રિય બાળકનું શુભ વર્ણન કરવા ઇચ્છુ છું જે આપણાથી જુદો થયો.

જે બાળકનો હું વર્ણન કરી રહ્યો છું તેનું નામ મઝહર અહસન હતું બિમારીના કારણે છેલ્લા વર્ષની પરીક્ષા ન આપી હતી પરંતુ જે પ્રમાણે તે નવજુવાને પોતાનું જીવન ગુજાર્યુ છે તે મુરબ્બી તથા મુબલ્લીગ જ હતો પરીક્ષા પાસ કરે કે ન કરે. અલ્લાહ તઆલાએ તે નવજુવાનની અંદર એક જોશ પૈદા કરેલ હતો કે કેવી રીતે દીનની સેવા કરવી છે. કેવી રીતે પોતાના અખલાક અને પોતાની હાલતને અલ્લાહ તઆલાના જણાવેલ હુકમો પ્રમાણે ઢાળવા છે અને તેના ઉપર અમલ કરવું છે. પ્રત્યેક ઇન્સાન જે દુનિયામાં આવ્યો તેણે એક દિવસ અહીથી જવાનું છે પરંતુ ભાગ્યશાળી હોય છે તે જે પોતાનું જીવન અલ્લાહ તઆલાની મરજી પ્રમાણે ઢાળવાનો પ્રયત્ન કરે છે અને તેમાં કામિયાબ પણ થઇ જાય છે.

આ પ્રિય બાળક વિશે જામિઆ અહેમદિયાના વિદ્યાર્થીઓ, તેના મિત્રો, તેના શિક્ષકો મને લખે છે અને આ માત્ર ઔપચારિકતા નથી કે એક વ્યકિતનું અવસાન થઇ ગયું છે તો તેનો શુભ વર્ણન કરો બલ્કે હું વ્યકિત ગત રૂપથી જાણું છું કેતે શ્રધ્ધા,નિષ્ઠા તથા કર્મનો એક નમૂનો હતો. અલ્લાહ તઆલા તેના દરજ્જા બુલંદ કરે. મરહુમ તેના માતા પિતાનો એક જ પુત્ર હતો, તેની બે બહેનો છે. માતા પિતાએ અને ખાસ કરીને માતાએ સંતાષનો અને અલ્લાહ તઆલાની

ઇચ્છા અનુસાર ધૈર્યનો સુંદર નમૂનો દેખાડયો. અલ્લાહ તઆલા તેમને પણ પ્રતિ ફળ આપે તથા તેમને સંતોષમાં પણ વધારે. હઝરત મસિહ મૌઉદ અ.સ. એ એક સ્થાને ફરમાવ્યું કે યાદ રાખો કે મુસીબતના ઘા માટે કોઇ મલમ એવો શાંત કરનાર અને આરામ આપનાર નથી, જેવુ કે અલ્લાહ તઆલા પર ભરોસો કરવું છે. માટે અલ્લાહ તઆલા પર જ હંમેશા હોવો જોઇએ. આ બાળકને કેંસર થયું હતું તથા અલ્લાહ તઆલાના ફઝલથી ઇલાજ દ્વારા તેને આરામ પણ થઇ ગયું હતું પરંતુ બાદમાં એવુ કોઇ છાતીમાં સંક્રમણ થયું જેનું ડૉકટરોને ખબર ન પડી જેના કારણે અવસાન થઇ ગયું. ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલૈહે રાજેઉન. મરહૂમના પડદાદા હઝરત મિસ્ત્રી નિઝામુદ્દીન સાહેબ, હઝરત મસિહ મૌઉદ અ.સ.ના સહાબી હતા. તથા તેના નાના મોહતરમ ચૌધરી મુનવ્વર અલી ખાં સાહેબ અને દાદા હાજી મંજૂર અહેમદ સાહેબ બન્ને કાદિયાનના દરવેશોમાંથી હતા.

તેમની માતા કહે છે કે મને સલાહ આપનાર, મારો વિશ્વાસ પાત્ર અને એક શિક્ષકની જેમ મારુ પ્રશિક્ષણ કરનાર હતો. તેને આ પણ ખબર હતી કે મારી માં કઇ વસ્તુંથી પ્રસન્ન થાય છે તથા કઇ વસ્તુંથી ધૃણા કરે છે. મારાથી ખિલાફતના નિઝામ, ખલીહા એ વકત, જમાઅત અને હઝરત મુહમ્મદ સ.અ.વ. અને આપના સહાબીઓ તથા આપના સાચા આશિક હઝરત મસિહ મૌઉદ અ.સ.ની વાતો કરતો રહેતો હતો અને આ જ વાતો તેને પસંદ હતી. જો દુન્યવી વાતો વચ્ચે આવતી તો કહેતો કે છોડો તેનાથી આપણને શું મતલબ. બિમારીને ચાલતા તેના સ્વભાવમાં અને અધિક વ્યાપકતા તથા વિનમ્રતા આવી ગઇ હતી અને કદાપી પણ અકળાવવુ કે ક્રોધ તેના સ્વભાવમાં ન હતો. જ્યારે તે પ્રથમ બિમારીથી સારો થઇ ગયો તો અમીર સાહેબ સ્કોટલેંડથી તેણે કહ્યું કે મારાથી જમાઅતની સેવાનું કોઇ કામ લો.

દવાખાનામાં નમાઝ અને તિલાવત તથા એમ.ટી.એ. પર ખુત્બો જરૂર સાંભળતો હતો. ડૉકટરોને પીસ કોંફરેન્સ, જલસે અને જમાઅતની અનેક ગતિવિધિઓ વિશે હંમેશા તબલીગ કરતો રહેતો હતો. હુઝુર અનવરે ફરમાવ્યું અહીયા જલસા પછી જે મુરબ્બીઓની મીટિંગ થાય છે તો તેની કક્ષાના મિત્રો પણ પાસ થઇને તેમાં સામેલ થયા તો તેમને સંદેશ આપ્યો કે જે પણ મીટિંગમાં ચર્ચા થાય મને લખીને મોકલો જેથી હું તેને મારા જીવનનો ભાગ બનાવું. ખિલાફતથી ખુબ જ પ્રેમ હતો તેને.

કીમોથેરાપી ના સમયે પણ ડૉકટરોને તબલીગ કરતો રહ્યો અલ્લાહ તઆલા પર સંપૂર્ણ વિશ્વાસ હતો તથા કોઇ વાતની ચિંતા ન હતી. હંમેશા કહેતો કે અલ્લાહ તઆલા નષ્ટ ન થવા દેશે. આ રીતે હવે અલ્લાહ તઆલા અહીયાથી લઇ ગયો છે તો ઇન્શા અલ્લાહ આગલાં જહાનમાં આશા છે કે તેની અભિલાષાઓ પૂરી થે રહી હશે. ડૉકટર હફીઝ સાહેબ કહે છે કે હું મઝહરને કેંસરના Diagnose પછી ગલાસ્કો મળવા ગયો હતો તો તેને ખુબ જ સંતુષ્ટ મનુષ્ય જોયો તેની માતા એ કહ્યું કે આ હંમેશા કહે છે કે ખુદા તઆલાના ઉપકારો હંમેશા યાદ કરતા રહો.

હાફીઝ ફઝલે રબ્બી સાહેબ કહે છે કે કુરાન શરીફ સીખવાનો ખુબ સોખ હતો ખુબ જ પ્યારી તથા સુરીલી અવાજમાં તિલાવત કરતો હતો તથા જામિઅ આવવા પહેલાં પણ નેશનલ તઅલીમુલ કુરાન કલાસમાં સામેલ થવા માટે પરિવાર સહિત ગલાસ્કોથી લંડન આવતો હતો કહે છે કે તેની એમિગ્રેશનની સમસ્યા હતી, કેસ પાસ ન થઇ રહ્યો હતો એટલા માટે જામિઅમાં પઢવા છતાં દરેક બીજા અઠવાડીએ ગલાસ્કો જવું પડતું હતું. મેં કહ્યું કે તને ખુબ મુશ્કેલી થતી હશે, તો કહેવા લાગ્યો કે કોઇ મહાન ઉદેશ્ય હેતુ નાની મોટી મુશ્કેલીઓ કોઇ મહત્વ નથી રાખતી. એક શિક્ષક છે વસીમ ફઝલ સાહેબ તેઓ કહે છે કે મઝહર અહસન અત્યંત સાહસી, ગંભીર, શિષ્ટ તથા દૃઢ નિશ્ચયી વિદ્યાથી હતો.

હાફઝિ મશહૂદ સાહેબ કહે છે કે થોડા સમય પહેલાં તેનાથી ફોન પર વાત થઇ તો તેણે કહ્યું કે હું જલ્દી સ્વસ્થ થઇને મુબલ્લીગના રૂપમાં સેવા કરવા ઇચ્છુ છું અને કહ્યું કે હવે જ્યારે મારો ઇલાજ થઇ રહ્યો છે તો મેં સ્થાનિક જમાઅતમાં કાર્ય શરૂ કરી દીધું છે. મલિક અકરમ સાહેબે લખ્યું છે કે મઝહર અહસન સાહેબની ફેમેલી જ્યારે દુબઇથી ગલાસ્કો શિફટ થઇ તો હું સ્કોટલેંડમાં મુરબ્બીના રૂપમાં સેવા કરી રહ્યો હતો. જે દિવસે આ પરિવાર ગલાસ્કો આવ્યો તે જ દિવસે મસ્જીદમાં કોઇ પ્રોગ્રામ થઇ રહ્યો હતો જેમાં આ ફેમેલી પણ સામેલ હતી અને અમોએ જોયું કે મઝહર

અહસન સાહેબ સલામ દુઆ બાદ સીધા કિચનમાં ચાલ્યા ગયા અને કિચન ટીમ સાથે તમામ કામ પરિશ્રમ તથા લગનથી કરતા રહ્યા.

એક મુરબ્બી, તેમના કલાસમાં ભણતા હતા શેખ સમર કહે છે હંમેશા મુસ્કુરાતા અને લોકોને ખુશ રાખતા, કયારેય કોઇનાથી લડાઇ નથી કરી તેમનો દિલ મોતે હતો પ્રત્યેક અવસર પર તબલીગ કરતા કોઇ પણ અવસર તબલીગનો ન જવા દેતા. બીજાની જેટલી સહાયતા કરવી પડતી કરતા, પ્રત્યેક નાની નાની વસ્તુંનો ખ્યાલ રાખતો દરેકની સાથે પ્રેમથી રહેતો હતો.

સાહિર મહમૂદ મરબ્બી, તેમની કલાસમાં ભણતા હતાઃ એવા ઉત્તમ વ્યકિતત્વ સાથે સાત વર્ષ ગુજારવાનો અવસર મળ્યો છે. અસંખ્ય ગુણોના માલીક હતા. મહેમાન નવાઝી, વિનમ્રતા તથ વિનયતામાં ઉચ્ચ નમૂનો હતો. કહે છે કે એક વાર મેં કોઇ ભુલ કરી તો જેના પર તેઓ મને લડયા અને થોડી ક્ષણો બાદ મારી પાસે આવીને ક્ષમા માંગવા લાગ્યા તથા રદી પડયા. કોમળ દિલના ઇન્સાન હતા. કહે છે કે જ્યારે હું બિમાર થતો તો મારા ઉઠવા પહેલાં જ મારી સામે નાસ્તો લાવીને મુકી દેતા. સારાંશ એ કે પ્રસન્ન ચિત, નિષ્ઠાવાન, વિનમ્ર, વિનીત, દીનના સાચા મજાહિદ, તકવા વાળા, પરિશ્રમી આ તમામ શબ્દો મઝહર માટે ઉપયોગ કરી શકીએ છીએ. એક વિશેષતા એ પણ હતી કે જે વસ્તું પોતાના માટે પસંદ કરતા તે પોતાના મિત્રો માટે પણ પસંદ કરતા હતા. ખાવા પીવાની કોઇ વસ્તું લાવતા તો પોતાના મિત્રો માટે પણ લાવતા હતા. સરળતાનું જીવન વ્યતીત કરતા તથા કદાપી વ્યર્થ ખર્ચ ન કરતા હતા. સ્વચ્છતાનો ખ્યાલ રાખતા, તહજ્જુદની નમાઝ યથાવત રૂપથી અદા કરતા, દરરોજ રાત્રે નફીલ નમાઝો પઢતા હતા, સાપ્તાહિક રોઝા પણ રાખતા તથા ચંદો પણ નિયમિત અદા કરતા હતા. તેમનો નિયમ હતો કે કુરાન શરીફની તિલાવત પછી જમાઅતની પુસ્તકોનુ અધ્યયન પછી ચાહે કેવું પણ મૌસમ હોય વ્યાયામ કરતા અને અખબાર વાંચતા અને પછી બપોરે આરામ કરતા પછી સુતા પહેલાં ડાયરી લખતા હતા. ખુત્બા જુમ્માની નોટસ લેતા પછી ખુત્બાના પોઇન્ટને પોતાના મિત્રોમાં ડિસ્કસ કરતા. કદાપી ખલીફા એ વકત અથવા નિઝામ વિરૂદ્ધ કોઇ વાત સહન ન કરતા હતા. પ્રત્યેક તહેરીક પર લબ્બેક કહેતા, બીજાને પણ યાદ અપાવતા, પોતાને ખલીફાના સિપાહી સમજતા અને નિઃસંદેહ હતા. હંમેશા કહેતા કે ખિલાફત માટે હું જીવ આપવા તૈયાર છું અને આ માત્ર શબ્દો જ ન હતા બલ્કે પોતાની ભાવનાઓ વ્યકત કરતા કે વાસ્તવમાં તે જ બધું છે જે તેઓ કહી રહ્યા છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અત્યંત આજ્ઞાપાલક તથા પોતાના જીવનના હેતુને સમજનાર બાળક હતો. અલ્લાહ તઆલા હંમેશા તેના પર રહેમતો વરસાવતો રહે, તેના દરજાત બુલંદ ફરમાવતો રહે. અલ્લાહ તઆલા તેને તેના પ્યારાના સરણમાં સ્થાન આપે તથા તેના જેવા હઝારો વાકફીન એવા પણ પૈદા થઇ જાય જે એટલી સૂક્ષમતાથી પોતાના લક્ષ્યને સમજનાર હોય અને વિશેષ રૂપથી તેમના માતા પિતા, ભાઇ બહેન માટે દુઆ કરો કે અલ્લાહ તઆલા તેમને ધૈર્ય અને સાહસમાં વધારો કરતો જાય.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 30 September 2016 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To..........................................................................................................<br><br>..........................................................................................................<br><br>..........................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |